R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં. (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦(૩૦૮) સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 23•ISSUE: 07 DATE: 16-02-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-




## પ્રિયંકા ગાંધીનો લખનઉમાં ૧૪.કી.મી. અને પાંચ કલાકનો મેગા રોડ શો : જંગી માનવ મેદની ઉમટી પડી

કોંગ્રેસના મહાસચિવ અને પુર્વ ઉત્તર પ્રદેશના પ્રભારી બન્યા પછી પ્રિયંકા ગાંધીએ પહેલી વાર લખનઉમાં મેગા રોડ શો યોજીને શક્તિપ્રદર્શન કર્યુ હતું. તેઓ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને કોંગ્રેસના નેતા જ્યોતિરાદિત્ય સિંધિયા સાથે બસની છત પર સવાર થયા હતા.અને એરપોર્ટથી કોંગ્રેસ કાર્યાલય સુધી ૧૪ કી.મી.નો લાંબો રોડ શો યોજીને લોકસભાની ચુંટણીનું બ્યુગલ ફુંક્યુ હતું. આ રોડ શો પાંચ કલાક ચાલ્યો હતો. રસ્તામાં ૫૦ સ્થળે શામિયાણા બાંધવામાં આવ્યા હતા.જ્યાં રાહુલ અને પ્રિયંકા અને સિંધિયાનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું.બસની છત પરથી પ્રિયંકા અને રાહુલે લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. રસ્તાઓ પર ઠેરઠેર પોસ્ટરો અને હોડીંગ્સ જોવા મળ્યા હતા.રસ્તામાં આવતી ગાંધી,આંબેડકર,સરદાર પટેલની પ્રતિમાઓને રાહુલ અને પ્રિયંકાએ ફુલહાર કર્યા હતા.૨૦૧૯માં આવનારી લોકસભાની ચુંટણીમાં કોંગ્રેસ પક્ષે યુપીમાંથી પ્રિયંકા ગાંધીને ઉતાર્યા બાદ હવે યોગી સરકાર સામે વિપક્ષોનો મોરચો મજબુત થઈ ગયો છે. એકબાજુ સપા અને બસપા અને બીજી બાજુ કોંગ્રેસના નવા યંગ નેતાઓનો કાફલો શુ પરિણામ લાવે છે તે જોવાનું રહેશે. ઉત્તર પ્રદેશની લોકસભાની સીટો જ વડાપ્રધાનની સીટ નક્કી કરે છે એવું વર્ષોથી ગણિત ચાલે છે. હવે જોવાનું રહેશે કે ભાજપની કેટલી સીટો યુપીમાંથી આવશે અને તેના કેવા પ્રત્યાઘાતો દેશના રાજકારણ પર પડશે.

રોડ શોમાં રાહુલે વચ્ચે કહ્યુહતું કે અમે યુપીમાં ફ્રન્ટફુટ પર રમીશું. બેકફુટ પર રમનારા નથી.પ્રિયંકાનું લક્ષ્ય ૨૦૧૯ની લોકસભાની ચુંટણી ઉપરાંત ૨૦૨૨માં યુપીની વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસની સરકાર રચાય તે માટે પ્રયત્નો કરશે તેવું લાગી રહ્યું છે.કોંગ્રેસનું શક્તિપ્રદર્શન જોઈને સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવે કહ્યુ હતું કે યુપીમાં ફક્ત બસપા જ નહીં કોંગ્રેસ પણ અમારી સાથે છે.આરએલડી પણ ગઠબંધનમાં સામેલ છે.



## રાફેલ ડીલનો કેગનો રીપોર્ટ આખરે રજુ કરીને સરકારે બાજી પલટાવવાનો મોકો સાધ્યો : વિપક્ષોએ અહેવાલને સરકારની ગોઠવણ કહી ફગાવ્યો

સંસદ સત્રના અંતિમ દિવસે રાજ્યસભામાં કેગ દ્વારા રાફેલની ખરીદી અંગેનો અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો.અહેવાલમાં જણાવાયું હતું કે કોંગ્રેસ સરકાર દ્વારા પહેલાં કરવામાં આવેલા ૧૨૬ વિમાનોના સોદાની સરખામણીમાં વર્તમાન ભાજપ સરકાર દ્વારા કરવામાં આવેલો ૩૬ વિમાનનો સોદો સસ્તો છે. જુના સોદાની સરખામણીમાં નવો સોદો ૨.૮૬ ટકા સસ્તો છે તેને કારણે ભારતના ૧૭.૦૮ ટકા પૈસા બચ્યા છે.કેગ દ્વારા અહેવાલમાં એવું પણ જણાવાયું છે કે યુપીએની સરખામણીમાં એનડીએ દ્વારા કરવામાં આવેલા સોદામાં ૧૮ વિમાનોની ડીલીવરી પણ સયમ કરતાં વહેલી થશે.ભારતને ૧૮ વિમાન પાંચ મહિના વહેલાં મળી જશે.મહત્વની વાત એ છે કે કેગના અહેવાલમાં વિમાનોની કિંમતનું એનાલીસીસ જણાવવામાં આવ્યુ છે પણ તેની મુળ કિંમત અંગે રહસ્ય અકબંધ છે. ફરીથી એકવાર સરકારે સાંસદો સમક્ષ વાત ગોળ ગોળ કરીને પોતે સાચા છે તેવું સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે. વકીલની ભાષામાં સવાલને ગોળગોળ ફેરવીને જવાબ આપ્યાનો સંતોષ સરકારે લીધો છે. જેને વિપક્ષે ફગાવ્યો છે.

## દિલ્હીની આમ આદમી પાર્ટીની રેલીમાં વિપક્ષોના નેતાઓનો મેળાવડો

વિપક્ષી નેતાઓના મેળાવડામાં હાજર રહેલા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યુ હતું કે વડાપ્રધાન મોદી અને ભાજપ અધ્યક્ષ અમિત શાહ જેમણે લોકોનું લોહી પીધું છે એ લોકો દેશ પર રાજ કરી રહ્યા છે.મમતાએ કહ્યુ હતું કે રાજ્યમાં અમારી અને લેફટ વચ્ચે લડાઈ રહેશે.પરંતુ રાષ્ટ્રીય સ્તરે અમે એક સાથે છીએ.અમે અમારા તમામ હિતો ભુલવા તૈયાર છીએ. ફરી વાર મોદી આવવા જોઈએ નહીં.આ માટે તમામ કુરબાની આપવા તૈયારી છે.પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ કોંગ્રેસને સંદેશો આપતાં કહ્યુ કે જ્યાં કોંગ્રેસ મજબુત છે ત્યાં તે લડાઈ લડે. અમે બંગાળમાં મજબુત છીએ તો ત્યાં અમે ભાજપનો મુકાબલો કરીશું. આંધ્ર પ્રદેશમાં ચંદ્રાબાબુ નાયડુ મજબુત છે ત્યાં તે ભાજપનો સામનો કરશે.આ રીતે દિલ્હીમાં કેજરીવાલ છે તેમને લડવા દઈએ.યુપીમાં સમાજવાદી પાર્ટી મજબુત છે ત્યાં તેમને ભાજપનો સામનો કરવા દઈએ.

કોંગ્રેસને અમે કહીએ છીએ કે જ્યાં અમે મજબુત છીએ ત્યાં ભાજપને ફાયદો પહોચાડવા માટે વોટ કાપશો નહીં.ત્યાં અમને લડવા દો.દેશમાં ડેમોક્રેસી હવે મોદી ક્રેસી બની ગઈ છે.કટોકટી કરતાં પણ સ્થિતિ નાજુક છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

વર્તમાન લોકસભાના અંતિમ સત્ર દરમિયાન વિવાદિત નાગરિકતા સંશોધન બિલ અને ત્રિપલ તલ્લાક સબંધિત બિલ રાજ્યસભામાં પસાર થઇ શક્યા નથી જેના કારણે આ બંને બિલ હવે નિષ્પ્રભાવી થઇ જશે. આ બંને બિલો લોકસભામાં તો પસાર થઇ ચુક્યા છે. પરંતુ સંસદના ઉપલા ગૃહમાં બજેટ સત્રની કાર્યવાહી દરમિયાન હોબાળાને કારણે પસાર થઇ શક્યા નથી.છેલ્લા દિવસે તેના પર ચર્ચાની અપેક્ષા રાખવામાં આવતી હતી પરંતુ રફાલના મામલે હોબાળા બાદ આ બંને બિલ અભરાઇ પર ચઢી ગયા છે. આ સાથે જ ત્રણ જુને આ લોકસભાનો કાર્યકાળ સમાપ્ત તતાં જ બંને બિલ નિષ્પ્રભાવી થઇજશે. સંસદીય નિયમો અનુસાર રાજ્યમાં રજુ કરાયેલા બિલ પેન્ડીંગ હોવાની સ્થિતિમાં લોકસભા ભંગ થવાથી નિષ્પ્રભાવી થતા નથી.. જ્યારે લોકસભામાં પસાર કરાયેલા બિલ જો રાજ્યસભામાં પસાર થઇ શકે નહી તો એ લોકસભાના ભંગ સાથે નિષ્પ્રભાવી થઇ જાય છે.દરમિયાન, લોકસભા અને રાજ્યસભા અનિશ્ચિત કાળ માટે મોકુફ રહ્યા છે હવે નવી લોકસભાની રચના વખતે સંસદનુ ગૃહ મળશે.

નાગરિકતા સંશોધન બિલ અને તિપલ તલાક બિલની કેટલીક જોગવાઇઓનો વિપક્ષ દ્વારા રાજ્યસભામાં વિરોધ થયો છે. સંસદના ઉપલા ગૃહ રાજ્યસભામાં સત્તાપક્ષ એનડીએ-ભાજપ પાસે બહુમતી નથી તેથી બંને બિલ પસાર થઇ શક્યા નથી.નાગરિકતા બિલમાં બંગલાદેશ,પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાંતી ભારત આવેલા લઘુમતી(હિન્દુ,જૈન,ખ્રિસ્તી,શીખ ,બૌધ્ધ અને પારસી) શરણાર્થીઓ સાત વર્ષ સુધી ભારતમાં રહ્યા હોય તો ત્યારબાદ ભારતની નાગરિકતા તેમને મળે તેવી જોગવાઇ છે. વર્તમાન કાયદા અનુસાર આ સમયસીમા ૧૨ વર્ષની છે. આ દેશોના લઘુમતી શરણાર્થીઓને નિર્ધારિત સમય સુધી ભારતમાં રહ્યા બાદ કોઇ જ દસ્તાવેજ કે પુરાવા વગર નાગરિકતા આપવાની જોગવાઇ છે. આ બિલ ગત જાન્યુઆરી ૮ના રોજ બજેટના શિયાળુ સત્રમાં પસાર કરાયું હતું. આ બિલની આસામ સહિતના પુર્વના રાજ્યોમાં ખુબ જ વિરોધ ચાલી રહ્યો છે.

આ પ્રકારે મુસ્લીમ મહિલા(વિવાહ અધિકાર સંરક્ષણ) વટહુકમ અંતગર્ત ત્રણ તલાકને અપરાધ ગણવાની જોગવાઇનો વિપક્ષી દળો વિરોધ કરી રહ્યા છે.એમા ત્રણ તલાક બોલીને પત્નીને તલાક આપનાર પતિને જેલની સજાની જોગવાઇ છે. અહી એ પણ નોધવું જરુરી છે કે મહત્વના એ બિલની સાથે આધાર અને અન્ય કાનુન(સંશોધન) બીલ-૨૦૧૯ ડીએનએ બીલ, ટ્રાન્સજેન્ડર બિલ( સુરક્ષા અને અધિકાર)૨૦૧૮,માનવ તસ્કરી બિલ-૨૦૧૮ પણ નિષ્પ્રભાવી થઇ જશે.

જો કે કોગ્રેસને ત્રિપલ તલાકનો વિરોધ કર્યો છે અને તેઓ સત્તા પર આવશે તો તે આ બિલને નાબુદ કરી દેશે. જો કે હાલના તબક્કે કોઇને કશું જ કરવાની જરુર રહેશે નહીં.ચુંટણી માટે પુર્વોત્તર રાજ્યોમાં વિપક્ષી મહાસંગઠન તેનો પુરેપુરો લાભ ઉઠાવી શકશે. ( સપ્રેસ : નગુસ)

## મંતવ્ય

જમ્મુ-કાશ્મીરમાં જવાનો પર થયેલો હુમલો દેશની સુરક્ષા માટે અત્યંત ગંભીર ગણી શકાય. જ્યાં લશ્કરી જવાનો,પોલીસ,સીઆરપીએફનો ચાંપતો બંદોબસ્ત હોઇને તેમજ વારંવાર પાકિસ્તાની આતંકી પરિબળો દ્વારા થતાં હુમલાઓ હોય, છતાં પણ બે રોકટોક આપણા જવાનોને શહીદી વહોરવી પડે તે આપણા શાસકોની નિર્બળતા છે. કહેવાતી ડંફાશો કામ આવતી નથી. આપણી સર્જીકલ સ્ટ્રાઇકનું શું થયું ? ગૃહમંત્રી આંતકીઓનો સફાયો કર્યાના આંકડાઓ જોરશોરથી બતાવે છે.તો આ શું છે? જેકેરામી

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

★ **નીલા ફાઇનાન્સ** ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૫૦)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧૦૩ | માસ્ટર ઇન ઇ.સી.અમેરિકા | ૨૩-૧૧-૮૭ | ૫૦૦૦ડોલર | મેથો. | કુંવારા |
| ૧૦૪ | એમ.બી.એ. પોલેન્ડ | ૨૩-૯-૮૬ | ૬૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૧૦૫ | બી.ઇ.(આઇ.ટી.) અમેરિકા | ૧૬--૪-૯૫ | ૧૬૦૦ ડોલર | આર.સી. | કુંવારા |
| ૧૦૬ | બીબીએ.જીડીએએમ.ન્યુઝીલેન્ડ | ૯-૧-૯૪ | ૧૫૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૧૦૭ | ડીપ્લોમાં ઇલેક્ટ્રીંકલ એન્જી. | ૧૫-૧-૭૮ | ૨૫૦૦ડોલર | આર.સી. | કુંવારા |
| ૫૧૮ | બીએસસી નર્સીંગ | ૨૫-૫-૯૦ | ૩૨૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૧૯ | ડીપ્લો.ઇન બિઝનેસ મેનેજમેન્ટ | ૫-૭-૮૬ | ૨૫૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૫૨૦ | એમઇ સીવીલ એન્જી. | ૯-૮-૮૯ | ૩૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૨૧ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ નર્સીંગ | ૨૨-૪-૯૩ | ૨૨૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૨૨ | બીએસડબલ્યું | ૨૪-૪-૮૭ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૨૩ | એમબીએ ફાયનાન્સ. | ૬-૧૨-૮૯ | ૧૩૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૨૪ | એમબીએ | ૧-૧-૮૨ | - | આર.સી. | કુંવારા |
| ૫૨૫ | મીકેનીકલ ડીપ્લો.એન્જી. | ૨-૯-૮૪ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૨૪ | બી.એ. | ૧૩-૮-૯૧ | ૨૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૮૨૫ | બીકોમ.માસ્ટર એચ.આર. | ૪-૧૧-૮૮ | ૪૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૨૬ | બીએ.કોમ્પ્યુ.હાર્ડવર્ક નેટવર્ક,સેનેટરી. | ૧૬-૭-૮૫ | ૧૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૮૨૭ | ૧૨પાસ,ફીટર,આઇટીઆઇ | ૧૦-૧૨-૮૭ | ૮૫૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૮૩૦ | ૧૦પાસ,બેકરી મેનેજમેન્ટ | ૧૯-૧૧-૯૯ | ૩૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૩૩ | બીકોમ,ડીઝલ મીકેનીકલ કોર્ષ | ૧૪-૮-૯૪ | ૧૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૮૩૪ | બીએ.(ઇગ્લીંસ મીડીયમ) | ૨૬-૫-૮૦ | ૨૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૮૩૫ | પીટીસી.બીએ.એમએ ફીટર આઇટીઆઇ | ૨૫-૮-૮૮ | ૩૨૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૨૮ | એમએસસી. | ૨૮-૧૦-૬૮ | ૩૫૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૩૨૯ | એમકોમ પાર્ટ ૧ | ૧૪-૨-૮૦ | ૨૦૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૩૩૫ | એફવાયબીકોમ. | ૨-૬-૮૮ | ૨૨૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૩૩૬ | ૧૦ પાસ | ૮-૧૦-૬૮ | ૧૨૦૦૦ | અલાયન્સ | છુટાછેડા |
| ૩૩૭ | બીકોમ. પીજીડીસીએ | ૧૫--૬-૮૬ | ૨૫૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૩૩૮ | બીએ.કોપા કોમ્પ્યુટર કોર્ષ | ૧૫-૯-૭૭ | ૨૧૦૦૦ | મેથો. | છુટાછેડા |

## ★ યુવતીઓ (૪૯) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૨ | એમબીબીએસ,એમડી, અમેરિકા | ૧૪-૧૨-૮૪ | - | મેથો. | કુંવારી |
| ૩૭ | બીઇ.એમબીએ ફાયનાન્સ.અમેરિકા | ૨-૬-૮૬ | - | આર.સી. | કુંવારી |
| ૪૪ | બીએસસી નર્સીંગ લંડન | ૨૪-૩-૯૪ | - | મેથો. | કુંવારી |
| ૪૫ | એમએસસી. બાયો ટેકનોલોજી લંડન | ૬-૩-૮૫ | ૧૫૦૦૦૦ | સીએનઆઇ | કુંવારી |
| ૪૭ | બીઇ.આઇટી કેનેડા. | ૨૭-૧૨-૮૯ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૬૦ | બીઇ કોમ્પ્યુ.એન્જી. જર્મન | ૨૬-૯-૯૧ | ૨૭૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૬૧ | જીએનએમ.૩ ૧/૨વર્ષ નર્સીંગ અમેરિકા | ૨૦-૪-૯૨ | - | આર.સી. | કુંવારી |
| ૫૧૮ | બીસીએ | ૧૬-૧૨-૯૨ | - | મેથો. | કુંવારી |
| ૫૧૯ | બીએસસી. નર્સીંગ | ૧૬-૧૨-૮૬ | ૨૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૨૦ | ડીપ્લોમાં એનીમેશન | ૧૧-૧૨-૮૯ | ૧૦૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૨૧ | ડીપ્લો.ઇન એરહોસ્ટેસ એન્ડ હોસ્પી.મેનેજ. | ૩-૧-૯૨ | ૨૦૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૨૩ | બીઇ(ઇસી) | ૧૯-૮-૮૯ | ૩૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૨૪ | બીઇ કોમ્પ્યુ. એન્જી. | ૪-૧૨-૮૭ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૨૫ | ટીવાયબીએ | ૨૬-૨-૮૯ | ૩૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૨૬ | જીએનએમ નર્સીંગ | ૨૯-૩-૮૯ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૨૭ | એમએસડબલ્યું. | ૫-૫-૯૩ | ૧૨૦૦૦ | સીએનઆઇ | કુંવારી |
| ૫૨૮ | જીએનએમ નર્સીંગ | ૮-૧-૯૦ | ૧૩૦૦૦ | સીએનઆઇ | કુંવારી |
| ૫૨૯ | એમએસસી.આઇટી. | ૧૨-૭-૯૩ | ૮૮૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૩૦ | બીઇ એન્જી.(ઇસી) | ૭-૧-૯૩ | - | મેથો. | કુંવારી |
| ૫૩૨ | જીએનએમ ૩ ૧/૨ નર્સીંગ | ૩૦-૪-૮૯ | ૧૭૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૩૩ | એમએસસી આઇટી. | ૨૩-૯-૯૧ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૪૫ | બીકોમ(ઇ.મીડીયમ) | ૧૮-૪-૯૪ | ૧૨૦૦૦ | ફેલોશીપ | કુંવારી |
| ૫૪૬ | પીટીસી.એમએ | ૨૧--૨-૮૯ | ૧૩૦૦૦ | આઇ.પી. | કુંવારી |
| ૫૪૭ | બીએ. | ૧૭-૬-૯૫ | - | સીએનઆઇ | કુંવારી |
| ૨૦૧ | એમ.એસ.ડબલ્યુ | ૨૬-૮-૮૧ | ૧૭૦૦૦ | સા.આર્મી. | છુટાછેડા |
| ૨૦૨ | ૧૦ નાપાસ | ૫-૯-૬૭ | - | સા.આર્મી. | છુટાછેડા |
| ૧૮૩ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૨૨-૪-૮૬ | ૧૧૦૦૦ | અલાયન્સ | છુટાછેડા |
| ૧૯૨ | બીકોમ | ૨૧-૭-૮૩ | ૪૮૦૦૦ | મેથો. | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેક્ટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ,નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

(૧) રજીસ્ટ્રેશન ફી યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.

(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઇપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક -યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઇન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**

# શારદા ચીટ ફંડ કેસમાં સીબીઆઇની ટીમ કોલકોતાના પોલીસ કમિશ્નરની ધરપકડ કરવા પહોચી : મમતા બેનરજીએ કેન્દ્ર સામે ખુલ્લો બળવો નોધાવ્યો

શારદા ચીટ ફંડ કેસમાં કાર્યવાહીમાં કોલકોતા પોલીસ કમિશ્નર રાજીવકુમારની પુછપરછ કરવા તેમના નિવાસસ્થાને પહોચી પરંતુ ત્યાં સીબીઆઇની ટીમની પશ્ચિમ બંગાળની પોલીસે અટકાયત કરતાં કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે અત્યંત તણાવભરી સ્થિતિ સર્જાઇ હતી.સીબીઆઇની ટીમ અને કોલકોતા પોલીસ વચ્ચે ઝપાઝપીની નોબત આવી ગઇ હતી. સીબીઆઇ ટીમની કોલકોતા પોલીસે અટકાયત કર્યા પછી વિદ્યાનગર પોલીસ મથક પોલીસે કોલકોતામાં આવેલા સીબીઆઇ સંકુલ સીજીઓ કોમ્પલેક્ષનો કબજો લઇ લીધો હતો.સ્થાનિક પોલીસ સીબીઆઇના સંયુક્ત ડિરેક્ટરની ધરપકડ કરવા તેમના ઘેર પહોચી ગઇ હતી. આ ઘટનાક્રમ વચ્ચે મમતા બેનરજી પોતે પોલીસ કમિશ્નરના નિવાસે પહોચી ગયા હતા.અને ત્યાં પોલીસ અધિકારીઓ સાથે બેઠક શરુ કરી દીધી હતી.બેઠકમાં રાજ્યના પોલીસવડા પણ પહોચી ગયા હતા.બેઠકમાં કોલકોતાના મેયર ફિરહાદ હકીમ પણ જોડાયા હતા.

મોદી હટાવો દેશ બચાવો નું સુત્ર આપતાં મમતા બેનરજીએ કહ્યુ હતું કે દેશના બંધારણને બચાવવા તેઓ સીધા જ મેટ્રો સ્ટેશન બહાર પહોચીને ધરણા પર બેસશે. પોલીસ કમિશ્નરના નિવાસસ્થાન બહાર પત્રકાર પરિષદ પુરી થતાં મમતા બેનરજીએ મેટ્રો સ્ટેશન બહાર પહોચીને ધરણા શરુ કર્યા હતા. મમતા બેનરજીએ ધમકી ઉચ્ચારી હતી કે હું ધરણા પર બેસી રહી છું અને રાજ્ય વિધાનસભામાં રજુ થનારુ બજેટ રજુ નહી કરું.રોઝવેલી અને શારદા પોન્ઝી કૌભાંડ કેસમાં સીબીઆઇએ કોલકોતા પોલીસ કમિશ્નરને નિવેદન આપવા માટે બોલાવ્યા પછી મુખ્ય પ્રધાન મમતા બેનરજી પોલીસ કમિશ્નરના બચાવમાં આવ્યા હતા.તેમણે ભાજપ પર બદલાની ભાવના સાથે રાજકારણ રમવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે કહ્યુ હતું કે પોલીસ કમિશ્નર વિશ્વની સૌથી સારી વ્યક્તિઓમાંની એક છે. તેઓ સતત કામ કરતા રહ્યા છે. અને કે દિવસની રજા લીધી નથી. તેમણે ટ્વિટ કરતાં જણાવ્યુ હતું કે ભાજપ બદલાની ભાવનાથી કામ કરી રહ્યો છે.રાજકીય પક્ષો જ નહીં પણ પોલીસ પોતાના નિયંત્રણમાં લેવા માટે સંસ્થાનોને ભાજપ બરબાદ કરી રહ્યો છે.તુણમુલ કોગ્રેસના નેતા ડેરેક બ્રાયને કહ્યુ હતું કે ભાજપ રાજ્યમાં રોકટોક વિના તખ્તા પલટાનું આયોજન કરી રહ્યો છે.રોકટોક વિના સંસ્થાનોનો વિનાશ ચાલી રહ્યો ચે. લોકશાહી બચાવવા તમામ વિપક્ષો એક થાય તે જરુરી છે.

જો કે તમામ વિપક્ષોએ એકઠા થઇને મમતા બેનરજીને પોતાનો ટેકો જાહેર કર્યો છે.પશ્ચિમ બંગાળમાં ભાજપ પોતાનો પગ મજબુત કરવા માટે રેલીઓ અને સભાઓનું આયોજન કરેલું પરંતુ મમતા બેનરજી અને પોલીસ દ્વારા તે યોજી શકાય તેમ નથી તેવા કારણો આપવામાં આવ્યા અને કોર્ટે તે માટે પરમીશન આપી નહોતી. ત્યારબાદ વડાપ્રધાને તાજેતરમાં એક રેલી યોજી હતી પરંતુ તેમાં વ્યાપક અરાજકતાએ વડાપ્રધાને રેલીમાંથી જતા રહેવુ પડ્યુ તે અપમાનનો બદલો પોલીસ કમિશ્નરની ધરપકડથી લેવાનો કારશો રચાયો હશે ?

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

ડૉ.હેમેન્દ્ર જી. પરીખ
પી.જી.યોગા,ડીએચએમએસ
યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# લોકસભાની ચુંટણીઓ પહેલાં ભારતમાં સાંપ્રદાયિક હિંસા ભડકાવવાની આશંકા

અમેરિકાની જાસુસી એજન્સીના વરિષ્ઠ અધિકારીએ ભારતમાં આ વર્ષે યોજાનાર લોકસભાની ચુંટણીઓ પહેલાં સાંપ્રદાયિક હિંસા ભડકાવવાની આશંકા વ્યક્ત કરી છે. જાસુસી એજન્સીના ડાયરેક્ટર ડેન કોટ્સે અમેરિકી સેનેટ(સંસદ)માં રજુ કરેલા રિપોર્ટમાં આ ગંભીર બાબતનો ઉલ્લેખ કર્યો છે. તેમણે અમેરિકી સાંસદોને જણાવ્યુ હતું કે સત્તાધારી ભાજપ એપ્રિલ-મે(૨૦૧૯)માં દેશમાં યોજાનાર સામાન્ય ચુંટણી પહેલાં હિદુ રાષ્ટ્રવાદ પર જોર આપતો રહેશે તો સાંપ્રદાયિક હિંસાની આશંકા પ્રબળ છે.

ઉપરાંત ભારત અને ચીન વચ્ચે આ વર્ષે સબંધો તણાવપુર્ણ રહેવાની શક્યતાઓ પણ તેમણે દર્શાવી છે.ભારત-ચીન વચ્ચે સબંધો સુધારવા ભારતના વડાપ્રધાન મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જીનપીંગના પ્રયાસો છતાં સબંધોમાં તણાવ યથાવત રહેશે. એમ તેમણે કહ્યુ છે. કોટ્સે પાકિસ્તાન અંગે કહ્યુ છે કે પાકિસ્તાન સમર્થિત આતંકવાદી જુથો ભારત અને અફઘાનિસ્તાન સિવાય અમેરિકી હિતોની વિરુધ્ધ હુમલાની યોજના બનાવવા અને અંજામ આપવા માટે પાકિસ્તાનમાં પોતાને મળતી સુવિધાનો ફાયદો ઉઠાવવાનું ચાલુ રાખશે.કોટ્સે જાસુસી મુદ્દાઓ પર સંસદની સિલેક્ટ કમિટિના સભ્યોને જણાવ્યુ હતું કે પાકિસ્તાન સમર્થિત આતંકવાદી જુથો ભારત,અફઘાનિસ્તાન અને અમેરિકી હિતો વિરુધ્ધ હુમલાની યોજના બનાવીને અને અંજામ આપવા માટે પાકિસ્તાન થકી મળતી મદદનો ફાયદો લેવાનું ચાલુ રાખશે.કોટ્સ અને અન્ય અમેરિકી જાસુસી એજન્સીઓના પ્રમુખ વિશ્વવ્યાપી ખતરા પર પોતાના આકલનને લઇને જાસુસી મુદ્દા પર સેનેટની સિલેક્ટ કમિટી સમક્ષ રજુ થયા હતા અને એ સમયે ઉપરોક્ત ખુલાસો કર્યો હતો.તેમણે એમ પણ કહ્યુ હતું કે ભારત અને પાકિસ્તાનના પરમાણું કાર્યક્રમોનો નિરંતર વિકાસ અને વૃધ્ધિના કારણે દક્ષિણ એશિયામાં પરમાણું સુરક્ષા સબંધિત ઘટનાઓની આશંકા વધી ગઇ છે.અહી નોધવું રહ્યુ છે કે સિલેક્ટ કમિટી સમક્ષ રજુ થનાર મુખ્ય અધિકારીઓમાં ડેન કોટ્સ સિવાય તાજેતરમાં ભારતની યાત્રા કરીને પરત અમેરિકા ગયેલા સીઆઇએના ડાયરેક્ટર જિના હ્સ્પેલ,એફબીઆઇ ડાયરેક્ટર ક્રિસ્ટોફર રે અને અમેરિકી ડિફેન્સ ઇન્ટેલીજન્સ એજન્સીના ડાયરેક્ટર રોબર્ટ એશ્લી પણ સામેલ હતા.

# એપ્રિલથી એચ- ૧બી વિઝાના નવા નિયમો યુએસની ડીગ્રી ધરાવનારને અગ્રીમતા અપાશે : ભારતીય પ્રોફેશનલ્સને ફટકો પડશે

અમેરિકાની હોમલેન્ડ સિક્યોરીટી દ્વાર આખરે એચ-૧બી વિઝાના નવા નિયમો જારી કરવામાં આવ્યા હતા.જેમાં વર્ષો લગી જુની લોટરી સિસ્ટમમાં ફેરફાર કરવામાં આવ્યો છે.એપ્રિલથી અમલમાં આવનાર નવા નિયમોમાં એચ-૧બી વિઝા માટે યુએસમાં માસ્ટર્સ ડીગ્રી કે ઉચ્ચ ડીગ્રી ધરાવનાર વિદેશી કે ઇમીગ્રન્ટસને અગ્રતા આપવામાં આવશે.પરિણામે ભારતીય ઉચ્ચ કુશળતા ધરાવતા પ્રોફેશનલ્સને ફટકો પડશે. યુએસની ઉચ્ચ ડીગ્રી નહી ધરાવનાર ભારતીયો માટે એચ-૧બી વિઝા મેળવવાનું મુશ્કેલ બનશે.વિઝા આપવા માટે રેગ્યુલર લોટરી સિસ્ટમ હાથ ધરાશે પણ યુએસની માસ્ટર્સ ડીગ્રી કે ઉચ્ચ ડીગ્રી ધરાવનારને પ્રાધાન્ય અપાશે.

યુએસ સીટીઝનશિપ એન્ડ ઇમીગ્રેશન સર્વીસીસના ડિરેક્ટર ફ્રાસિસ સિસ્નાના જણાવ્યા મુજબ નવી સિસ્ટમ વધુ કાર્યદક્ષ, અસરકારક અને વધુ ટેલેન્ટેડ લોકોને એચ -૧બી વિઝા મેળવવા ઉપયોગી બનશે.મહત્તમ મર્યાદાને આધીન અરજદારે એચ-૧બી વિઝા મેળવવા ઇલેક્ટ્રોનિક રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જેમનું રજીસ્ટ્રેસન પસંદ કરાયું હશે તેમણે જ વિઝા માટે પીટીશન કરવાની રહેશે. જો કે ફક્ત એક વર્ષ માટે એટલે કે ૨૦૨૦ની સિઝન માટે ઇલેક્ટોનિક રજીસ્ટ્રેશન સિસ્ટમ સ્થગિત રખાઇ છે. દર વર્ષે ૬૫,૦૦૦ એચ-૧બી વિઝા અપાય છે.

હાલ માસ્ટર્સ ડીગ્રી ધરાવનાર માટે પહેલાં લોટરી કરાય છે. અને તેમાં બાકાત રહેલા લોકોની બીજા તબક્કાની લોટરી સિસ્ટમમાં રેન્ડમ પસંદગી કરાય છે.નવી સિસ્ટમમાં ટ્રમ્પ સરકારની નીતિ મુજબ બાય અમેરિકન-હાયર અમેરિકનનો અમલ કરાશે અને યુએસની ઉચ્ચ ડીગ્રી ધરાવનારને પહેલાં પસંદ કરાશે.

કાર ભાડે મળશે

લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે

મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭
લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઑડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે


થાઇલેન્ડમાં પરીક્ષામાં ચોરી કરવા માટે, ત્યાંના કાનુનમાં કોઇ સજાની જોગવાઇ નથી.
સેક્સી સ્ટાર ડેની મુરને સ્ટ્રીપ્ટીઝ માં કામ કરવા માટે છત્રીસ કરોડ રુપીયા મળેલા છે.
માછલીની આંખો પર પાંપણ હોતી નથી.
કાકાકૌઆ તેની કલગીનો ઉપયોગ એકબીજાને ઇશારો કરવા માટે કરે છે.

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# સરકારે રોજગાર અંગેનો ડેટા જાહેર ન કરતાં એનએસસી ના બે સભ્યોના રાજીનામાં

નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન તરફથી રોજગાર અને બેકારી અંગે તૈયાર કરાયેલા વાર્ષિક રિપોર્ટ(૨૦૧૭-૧૮) તૈયાર થયાના બે મહિના પછી પણ સરકારે જાહેર કર્યો નથી.મીડીયા અહેવાલો અનુસાર તેના વિરોધમાં નેશનલ સ્ટેટેસ્ટિકલ કમિશનના બે સ્વતંત્ર સભ્યો પીસી મોહનન અને જેવી મીનાક્ષીએ રાજીનામા આપી દીધા છે.

નેશનલ સ્ટેટેસ્ટીકલ કમિશન ના બે સભ્યોના રાજીનામા પછી રાજનીતીમાં ગરમાવો આવ્યો છે.કોગ્રેસના વરિષ્ઠ નેતા પી.ચિદામ્બરમે આ મામલે નરેન્દ્ર મોદી સરકાર પર નિશાન તાક્યું છે. તેમણે કહ્યુ હતું કે આ સંસ્થાના આત્માને શાંતિ મળે, જ્યાં સુધી તેનો પુર્નજન્મ ન થાય.મીડીયા અહેવાલો અનુસાર આ મોદી સરકારમાં એનએસએસઓનો પ્રથમ રિપોર્ટ છે. અને તેમાં નોટબંધી પછી લોકોએ નોકરી અને રોજગાર ગુમાવ્યા છે તેનો ઉલ્લેખ છે.

મોહનન એનએસસીના કાર્યકારી અધ્યક્ષ પણ હતા. આ બંને સભ્યોના રાજીનામા પછી એનએસસીમાં હવે માત્ર બે સભ્યો જ રહ્યા છે.

મુખ્ય સાંખ્યિકી અધિકારી પ્રવીણ શ્રીવાસ્તવ અને નતી આયોગના સીઈઓ અમિતાભ કાંત. મોહનને કહ્યુ હતું કે મે એનએસસીમાંથી રાજીનામું આપ્યું છે. અમને લાગે છે કે હાલના દિવસોમાં કમિશન અગાઉની જેમ સક્રિય રહ્યું નથી. અને અમને એમ પણ લાગે છે કે કદાચ અમે કમિશનની જવાબદારીઓ નિભાવવામાં સક્ષમ નથી.જો કે આ બંને સભ્યોના રાજીનામા પછી સરકારે નિવેદન આપ્યું હતું કે એનએસસીના આ બંને સભ્યો છેલ્લા કેટલાક મહિનામાં કમિશનની કોઈપણ બેઠકમાં કોઈ વાંધો ઉઠાવ્યો નહોતો.કેન્દ્રીય સાંખ્યિકી તેમજ કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે એક સ્પષ્ટીકરણમાં કહ્યુ હતું કે છેલ્લા મહિનાઓમાં કમિશનની બેઠકોમાં આ સભ્યોએ કોઈ વાંધો ઉઠાવ્યો નહોતો.

# અયોધ્યાની બિનવિવાદિત ૬૭ એકર જમીન સોપવા કેન્દ્ર સરકારની સુપ્રીમમાં અરજી : લોકસભાની ચુંટણી પહેલા રામમંદિરના નિર્માણ માટેનો ઇરાદો

અયોધ્યામાં વિવાદાસ્પદ જમીન અંગેના ખટલામાં સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણીમાં વિલંબ થઈ રહ્યો છે.તેવા આરોપો મધ્યે રામમંદિરના નિર્માણ માટે ચોતરફથી ભારે દબાણનો સામનો ભાજપની કેન્દ્ર સરકાર કરી રહી છે.તેના ઉકેલ માટે સરકારે એક પ્લાન તરીકે ૬૭ એકર જમીન તેના માલિકોને પરત આપવા માટેની અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી છે.રામજન્મભુમિ-બાબરી મસ્જીદની વિવાદાસ્પદ ૨.૭૭ એકર જમીનની આસપાસની સરકાર દ્વારા સંપાદિત કરાયેલી ૬૭ એકર જમીન અસલ માલિકોને સુપરત કરવાની પીટીશન સરકારે સુપ્રીમ કોર્ટમાં કરી છે. કેન્દ્ર સરકારે પીટીશનમાં જણાવ્યુ હતું કે વિવાદાસ્પદ વિસ્તારની સમીક્ષા માટે જરુરી જમીનનું ચોક્કસ માપ કાઢ્યા પછી રામજન્મભુમિ-બાબરી મસ્જીદ વિસ્તારની આસપાસ બિનજરુરી રીતે સંપાદિત કરાયેલી વધારાની ૬૭ એકર જમીન તેના સાચા માલિકોને સુપરત કરી દેવાની પરવાનગી આપવામાં આવે.

સરકારનો ઈરાદો બિનવિવાદીત જમીન ગ્રહણ કરીને ત્યાં મંદિરનું કામકાજ શરુ કરવામાં આવે તો સરકારે રામમંદિરના નિર્માણનો પ્રયાસ કર્યો છે તેવું માની શકાય અને તેનો લાભ લઈ શકાય.

# દિલ્હીમાં મોદી વિરોધી મોરચો જંતરમંતર ખાતે : ભાજપનું શાસન દેશની લોકશાહી માટે ખતરા રુપ

આમ આદમી પાર્ટી દ્વારા દિલ્હીમાં જંતરમંતર ખાતે આયોજિત 'મોદી હટાવો,દેશ બચાવો' રેલીમાં સંખ્યાબંધ વિરોધપક્ષો હાજર રહ્યા હતા.પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ રેલીને સંબોધતાં તમામ વિપક્ષોને એકસંપ થઈને ચુંટણી લડવા માટે અનુરોધ કર્યો હતો.તેમણે કહ્યુ હતું કે આવનારા દિવસોમાં બધા જ વિરોધપક્ષો એકસંપ થઈને લડશે. કોલકોતામાં સીબીઆઈ મોકલ્યા બાદ કટાક્ષ કરતાં તેમણે કહ્યુ હતું કે સીબીઆઈને મારી પાસે મોકલો તેમને હું હાથેથી રસોઈ બનાવીને જમાડીશ. તેમણે કહ્યુ હતું કે ૫૬ની છાતી તો રાવણની પણ હતી. આવો યુનાઈટેડ ભારત બનાવીએ.ડેમોક્રેસી હવે નમોક્રસી બની ચુકી છે.દેશમાં કટોકટી કરતાં પણ ખરાબ સ્થિતિ છે.

મમતા બેનરજીએ કહ્યુ હતું કે તેમણે ગાંધીજીને પ્રાર્થના કરી છે કે ભાજપ અને મોદીબાબુને હટાવો અને દેશને બચાવો.તેમણે કહ્યુ હતું કે આજે દેશમાં કટોકટી કરતાં પણ ખરાબ સ્થિતિ પ્રવર્તી રહી છે.સત્તા સ્થાનેથી દુર કરવા વિરોધપક્ષ રાષ્ટ્રીય કક્ષાએ એકસંપ થઈને લડશે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દ્વારા આયોજિત રેલીમાં મમતા બેનરજી ઉપરાંત આંધ્રના મુખ્યપ્રધાન ચંદ્રાબાબુ નાયડુ,જમ્મુ કાશ્મીરના પુર્વ મુખ્યપ્રધાન ફારુક અબ્દુલ્લા,એનસીપીના વડા શરદ પવાર,સીપીઆઈના નેતા સીતારામ યેચુરી, દ્રમુકના કનિમોઝી,સપાના રામગોપાલ યાદવ,શરદ યાદવ, અને ભાજપમાં બળવો પોકારી રહેલા શત્રુધ્નસિંહા સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.કોગ્રેસના આનંદ શર્માએ કોગ્રેસનું રેલીમાં પ્રતિનિધિત્વ કર્યુ હતું.આપ નેતા સંજયસિંહ,મનીષ સિસોદીયા અને ગોપાલ રાય રેલીમાં ઉપસ્થિત હતા.સીપીઆઈના નેતા ડી.રાજાએ કહ્યુ હતું કે ભાજપ શાસન દેશની લોકશાહી માટે ખતરારુપ છે.





આપ દ્વારા યોજાયેલી રેલીમાં મોટાભાગના વિપક્ષી નેતાઓ મોદી હટાવો ઝુંબેશમાં સામેલ થયા હતા.

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.